Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# : કાર્યવાહી :

બોર્ડ ઓફ મેનેજમેન્ટની સામાન્ય સભા, બુધવાર, તા.૧૬–૦૪–૨૦૨૫ના રોજ બપોરે : ૧૨–૩૦ કલાકે ઓફલાઈન/ઓનલાઈન રૂમ નંબર – ૧૦૧૩૩ સભાખંડ, વહીવટી ભવન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| **ક્રમ** | **સભ્યોના નામ** | **હાજરી** |
|---|---|---|
| ૧. | ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડા (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ. રમેશદાન ચંડીદાન ગઢવી (સભ્ય સચિવ) | હાજર |
| ૩. | ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૪. | ડૉ. અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૫. | VACANT | — |
| ૬. | VACANT | — |
| ૭. | VACANT | — |
| ૮. | ડૉ. જયદીપકુમાર નસવાનભાઈ ચૌધરી | હાજર |
| ૯. | ડૉ. કપીલા મનોજ | હાજર |
| ૧૦. | VACANT | — |
| ૧૧. | VACANT | — |
| ૧૨. | શ્રી લક્ષ્મણભાઈ આહિર | ઓનલાઈન હાજર |
| ૧૩. | CA હરી અરોરા | ઓનલાઈન હાજર |
| ૧૪. | સુશ્રી અરૂંધતી જે. દેસાઈ | ગેરહાજર |
| ૧૫. | શ્રી અમીત ગજ્જર | ઓનલાઈન હાજર |
| ૧૬. | ડૉ. જયંતીભાઈ ચૌધરી | હાજર |
| ૧૭. | ડૉ. દિલીપભાઈ વરસાણી | હાજર |
| ૧૮. | ડૉ. અનુપમ શુકલા | ગેરહાજર |

૧. બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૭–૦૩–૨૦૨૫ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત…

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૭–૦૩–૨૦૨૫ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવામાં આવે છે.**

**<u>બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૭–૦૩–૨૦૨૫ ઠરાવ ક્રમાંક : ૨.૩</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** તા.૨૨–૦૩–૨૦૨૫ની નાણાં અને હિસાબ સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૪, ૫ અને ૭ **ને એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૨૫–૦૩–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨.૨ થી બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે તથા ભલામણ ક્રમાંક : ૮ ને સુધારા વધારા સાથે પરિશિષ્ટ : ' અ ' મુજબ મંજૂર કરવામાં આવે છે.**

**વધુમાં, ભલામણ ક્રમાંક : ૭ માં દૃષ્ટિહિન (અંધ) વિદ્યાર્થીઓના સંદર્ભનો ખર્ચ "કર્મચારી અને વિદ્યાર્થી કલ્યાણ" હેડ હેઠળ ઉધારવો.**

**વધુમાં, ભલામણ ક્રમાંક : ૮ માં Ordinance – 66 (2) b મુજબ લેવાતી Annual Student Development Fund (per student) ની રકમને યુનિવર્સિટી દ્વારા લેવાતી Other Fees ની રકમમાં ક્રમાંકઃ ૧૬માં Compliance Expense ના હેડ હેઠળ કોલેજના વિદ્યાર્થીઓ પાસેથી શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫–૨૬ થી ક્રમશઃ લેવી.**

૨. બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૮–૦૨–૨૦૨૫ની સામાન્ય સભામાં કરવામાં આવેલ ઠરાવો અંગે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે રજૂ કરેલ એકશન ટેકન રીપોર્ટ પર વિચારણા કરવા બાબત.

(ઓથોરીટીઝ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૮–૦૨–૨૦૨૫ની સભામાં કરવામાં આવેલ ઠરાવો અંગે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે રજૂ કરેલ એકશન ટેકન રીપોર્ટની નોંધ લેવામાં આવે છે.**

૩. યુનિવર્સિટીના આર્કિટેકચર વિભાગ ખાતે નાશા - ૨૦૧૬ (નેશનલ એસોસીએશન ઓફ સ્ટુડન્ટ ઓફ આર્કિટેક – 2016) નામના કાર્યક્રમ કરેલ હતો. પ્રસ્તુત કાર્યક્રમમાં નાસ્તા ભોજનના બાકી લેણા રૂ. 16,55,280/- મેળવવા માટે શ્રી વિજય રમેશભાઈ ચૌહાણ - સ્પાર્ક ૯૯ ઇવેન્ટ મેનેજમેન્ટના પ્રોપાયટરે નામદાર સુરત કોર્ટમાં કોમ. દાવા નં. 339-2024 દાખલ કરેલ છે. જે કેસમાં યુનિવર્સિટી પક્ષે વકીલશ્રી યોગેશ દેશમુખને રોકવામાં આવેલ હતા. સદર કેસમાં સુરત કોર્ટના જજ સાહેબશ્રી દ્વારા સદર કેસમાં જવાબ રજૂ કરવાનો સમયગાળો ૧૨૦ દિવસથી વધુ થયેલ હોવાથી યુનિવર્સિટી તરફે જવાબ રજૂ કરવાનો સ્ટેજ બંધ કરતાં, યુનિવર્સિટીનો જવાબ રજૂ કરવાનો હક પુન:ચાલુ કરવા માટે ઉપલી કોર્ટમાં અપીલ દાખલ કરવા યુનિવર્સિટી પક્ષે વકીલશ્રી ભગીરથ પટેલને રોકવામાં આવેલ છે. યુનિવર્સિટીના વિવિધ કોર્ટ કેસ સંદર્ભે યુનિવર્સિટી દ્વારા વકીલ રોકવામાં આવે છે. જે યુનિવર્સિટીની તરફેણમાં યુનિવર્સિટી તરફે નામદાર કોર્ટમાં નિયત સમય મર્યાદાઓમાં જરૂરી કામગીરી કરે છે. ઉપરોક્ત કેસમાં યુનિવર્સિટી પક્ષે વકીલ શ્રી યોગેશ દેશમુખને રોકવામાં આવેલ હતા. તેઓને સદર કેસના તમામ જરૂરી દસ્તાવેજો સમયસર યુનિવર્સિટી ખાતે રૂબરૂમાં આપી કેસની વિગતોથી માહિતગાર કરવામાં આવેલ હતા. તદુપરાંત તા.14/11/2024ના રોજ (105 માં દિવસે) માનનીય કુલપતિશ્રી સાથે સદર કેસ સહિત અન્ય કેસમાં રૂબરૂ ચર્ચા પણ કરવામાં આવેલ હતી. પરંતુ ત્યારબાદ વકીલશ્રી યોગેશ દેશમુખ દ્વારા યુનિવર્સિટી પક્ષે નામદાર કોર્ટમાં રજૂ કરવાનો થતો જવાબ તા. 27/12/2024 ના રોજ ઈમેલ મારફતે મોકલી આપેલ હતો. એટલે કે 156 માં દિવસે 120 દિવસ ની સમય મર્યાદા બાદ મોકલી આપેલ હતો. જે જવાબનો યુનિવર્સિટી કક્ષાએ જરૂરી અભ્યાસ કરતાં તેમાં સુધારો કરવો અનિવાર્ય જણાતો હોય તા. 08/01/2025 ના રોજ યુનિવર્સિટી ખાતે માનનીય કુલપતિશ્રી, કુલસચિવશ્રી, લીગલ સેલના મદદનીશ કુલસચિવશ્રી અને આર્કિટેકર વિભાગના આચાર્યશ્રીની ઉપસ્થિતિમાં વકીલશ્રી શ્રી યોગેશ દેશમુખ અને શ્રી યશ દેશમુખ સાથે રૂબરૂ ચર્ચા વિચારણા કરેલ અને ત્યારબાદનો સુધારેલ જવાબ પણ તા. 02/02/2025ના રોજ લીગલ સેલના મદદનીશ કુલસચિવશ્રીને વોટ્સએપ પર મોકલી આપેલ હતો. આથી સદર કેસમાં વકીલશ્રી યોગેશ દેશમુખ દ્વારા યુનિવર્સિટી તરફે રજૂ કરવાનો જવાબ મોડો મોકલવામાં આવતા યુનિવર્સિટી દ્વારા નામદાર કોર્ટમાં સમયમર્યાદામાં રજૂ કરી શકાયેલ ન હોવાથી તેઓને સદર કેસ માંથી દુર કરી તેમના સ્થાને શ્રી ભગીરથ પટેલને રોકવામાં આવેલ છે. તદ્દઉપરાંત શ્રી યોગેશ દેશમુખને સોપવામાં આવેલ અન્ય કેસો ૧. M/S YOGESH CONSTRUCTION COMPANY & ORS. V/S VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY અને ૨.VIVEK ANANTRAI PROF. OF AADEETYA CHEMICAL CENTRE V/S VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY માંથી તેમને દૂર કરી તેમના સ્થાને વકીલશ્રી ભાવિન જોષીને રોકવામાં આવેલ છે, જેની નોંધ લેવા બાબત.

વધુમાં, શ્રી યોગેશ દેશમુખ દ્વારા સદર કેસમાં તેમની ભૂલનો ટેલીફોનીક સ્વીકાર કરવામાં આવેલ છે અને સદર કેસની ફીનું ચુકવણું નહી કરવા જણાવેલ છે.

(લીગલ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધ લેવામાં આવે છે તથા એકિઝકયુટીવ કાઉન્સિલની તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૪ થી ઠરાવ્યાનુસાર કાર્યવાહી કરવી.**

૪. શ્રી પુરુષોત્તમભાઈ હરિભાઈ ઉમરાવ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, કીમ, જિ : સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં બી.એ. અને બી.કોમ. સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલના તા.૧૭–૦૧–૨૦૨૫ના ઠરાવ ક્રમાંક (૬૮) અન્વયે, કોલેજનું જોડાણ રદ કરવા માટે નિયુકત કરેલ સમિતિએ સ્થળ તપાસ કરી રજુ કરેલ અહેવાલ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦–૦૩–૨૦૨૫ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૦૬)થી અહેવાલમાં જણાવેલ તમામ શરતોનું અને સંબંધિત એપેક્ષ બોડીની શરતોનું પરિપાલન કરવાની શરતે તથા સ્ટેચ્યુટ–૨૭૬(૨) ની જોગવાઈ અન્વયે દિન–૧૫ માં પૂર્ણ કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ થી બી.એ. અને બી.કોમ. સ્વનિર્ભર અભ્યાસક્રમ નું ચાલુ જોડાણ રદ કરવામાં આવેલ છે જેની જાણ સારૂ.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધ લેવામાં આવે છે.**

૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની Building and Works Committee ની તા.: ૦૩–૦૪–૨૦૨૫ ના રોજની સભાની **બાબત ક્રમાંક : ૦૧, ૦૭, ૧૦, ૧૪ થી ૧૭ સંદર્ભે એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૫ થી કરેલ ઠરાવની નોંધ લેવા બાબત તથા ક્રમાંક : ૦૨ થી ૦૬, ૦૮, ૦૯, ૧૧ થી ૧૩ ને એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૫ થી મંજૂર કરવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

**<u>એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાનો ઠરાવ ક્રમાંકઃ ૫</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની Building and Works Committee ની તા.: ૦૩–૦૪–૨૦૨૫ ના રોજની સભાની ભલામણ ક્રમાંક : ૧ થી ૧૭ માં નીચે મુજબ ઠરાવવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક : ૧ ની નોંધ લેવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક – ૨ : ટેન્ડરને મંજુર કરી PM-USHA અંતર્ગત થયેલ કામગીરીના બીલોની ચુકવણી માટે PM-USHA યોજનાની ગાઈડલાઈન અનુસાર વખતોવખત કરવાની તથા પી.એમ.સી., ટી.પી.આઈ. અને કન્સલ્ટન્સી ફીની ચુકવણી સી.ડી.એફ. માંથી કરવાની ભલામણ બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક – ૩ : ટેન્ડરને મંજુર કરી PM-USHA અંતર્ગત થયેલ કામગીરીના બીલોની ચુકવણી માટે PM-USHA યોજનાની ગાઈડલાઈન અનુસાર વખતોવખત કરવાની તથા પી.એમ.સી., ટી.પી.આઈ. અને કન્સલ્ટન્સી ફીની ચુકવણી સી.ડી.એફ. માંથી કરવાની ભલામણ બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક – ૪ : ટેન્ડરને મંજુર કરી PM-USHA અંતર્ગત થયેલ કામગીરીના બીલોની ચુકવણી માટે PM-USHA યોજનાની ગાઈડલાઈન અનુસાર વખતોવખત કરવાની તથા પી.એમ.સી., ટી.પી.આઈ. અને કન્સલ્ટન્સી ફીની ચુકવણી સી.ડી.એફ.માંથી કરવાની ભલામણ બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક – ૫ : ટેન્ડરને મંજુર કરી PM-USHA અંતર્ગત થયેલ કામગીરીના બીલોની ચુકવણી માટે PM-USHA યોજનાની ગાઈડલાઈન અનુસાર વખતોવખત કરવાની તથા પી.એમ.સી., ટી.પી.આઈ. અને કન્સલ્ટન્સી ફીની ચુકવણી સી.ડી.એફ.માંથી કરવાની ભલામણ બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક – ૬ : ટેન્ડરને મંજુર કરી PM-USHA અંતર્ગત થયેલ કામગીરીના બીલોની ચુકવણી માટે PM-USHA યોજનાની ગાઈડલાઈન અનુસાર વખતોવખત કરવાની તથા પી.એમ.સી., ટી.પી.આઈ. અને કન્સલ્ટન્સી ફીની ચુકવણી સી.ડી.એફ.માંથી કરવાની ભલામણ બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક : ૭ સદર બાબતને Withdraw કરવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક : ૮ નો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક : ૯ નો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક : ૧૦ ની નોંધ લેવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક – ૧૧ : ગેસ્ટ હાઉસ પરિસરના આધુનિકરણ માટેનો પ્લાન અને અંદાજીત ખર્ચ મેળવી બાબત બોર્ડ ઓફ મેનેજમેન્ટ સમક્ષ રજૂ કરવા ભલામણ કરવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક – ૧૨ નો સૈધ્ધાંતિક સ્વીકાર કરી એસ્ટીમેટ અને ટેકનીકલ પ્લાનની મંજૂરી બિલ્ડીંગ એન્ડ વર્કસ કમિટિની મંજૂરી મેળવી બાબત બોર્ડ ઓફ મેનેજમેન્ટ સમક્ષ રજૂ કરવા ભલામણ કરવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક – ૧૩ નો સૈધ્ધાંતિક સ્વીકાર કરી એસ્ટીમેટ અને ટેકનીકલ પ્લાનની મંજૂરી બિલ્ડીંગ એન્ડ વર્કસ કમિટિની મંજૂરી મેળવી બાબત બોર્ડ ઓફ મેનેજમેન્ટ સમક્ષ રજૂ કરવા ભલામણ કરવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક : ૧૪ ની નોંધ લેવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક : ૧૫ ની નોંધ લેવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક : ૧૬ ની નોંધ લેવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક : ૧૭ ની નોંધ લેવામાં આવે છે.**

**વધુમાં ઉપરોકત પૈકી બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરેલ સિવાયની બાબતો/ઠરાવો જાણ સારૂ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સમક્ષ રજૂ કરવા.**

( બિડાણ – સમિતિના ઠરાવ)

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની Building and Works Committee ની તા.: ૦૩–૦૪–૨૦૨૫ ના રોજની સભાની બાબત ક્રમાંક : ૦૧, ૦૭, ૧૦, ૧૪ થી ૧૭ સંદર્ભે એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૫ થી કરેલ ઠરાવની નોંધ લેવામાં આવે છે તથા ક્રમાંક : ૦૪, ૦૮, ૦૯, ૧૧ થી ૧૩ ને એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૫ થી મંજૂર કરવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે.**

**ભલામણ ક્રમાંક – ૦૨ :** **એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૨ થી કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરી** વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસર ખાતે **PM-USHA** યોજના હેઠળ મળેલ ગ્રાન્ટમાંથી **Construction of Amphitheatre** કામના મળેલ ઓનલાઈન ઈ–ટેન્ડરોની ઓનલાઈન પ્રાઈઝબીડ કમિટિ સમક્ષ ખોલવામાં આવી હતી, જેમાં આ પ્રોજેકટ માટેના એલીજીબીલ થયેલ ૦૪ કોન્ટ્રાકટરોના ઇ–ટેન્ડરો પૈકી સૌથી ઓછી રકમનું એટલે કે ટેન્ડરની અંદાજીત રકમ **Rs.5,42,37,288.51 (Excluding GST)** ઉપર ૧૭.૫૮% નીચા ભાવનું એટલે કે કુલ **Rs.4,47,02,373 =19 (Excluding GST)** નું અને (આ કામ ઉપર **GST** અંદાજીત ૧૮% માનવામાં આવે તો કુલ **Rs.80,46,427 =17)** મળી કુલ **Rs. 5,27,48,800=36 (Including GST)** નું **Stellar Projects, Surat** નું ટેન્ડર મંજૂર કરવામાં આવે છે.

**ભલામણ ક્રમાંક – ૦૩ :** **એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૨ થી કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરી** વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસર ખાતે **PM-USHA** યોજના હેઠળ મળેલ ગ્રાન્ટમાંથી **Construction of Data Center** કામના મળેલ ઓનલાઈન ઈ–ટેન્ડરોની ઓનલાઈન પ્રાઈઝબીડ કમિટિ સમક્ષ ખોલવામાં આવી હતી, જેમાં આ પ્રોજેકટ માટેના મળેલ તમામ ૦૩ ટેન્ડરો પૈકી એલીજીબીલ થયેલ ૦૨ કોન્ટ્રાકટરોના ઇ–ટેન્ડરો પૈકી સૌથી ઓછી રકમનું એટલે કે ટેન્ડરની અંદાજીત રકમ **Rs.4,71,25,572.57 (Excluding GST)** ઉપર ૯.૯૯% નીચા ભાવનું એટલે કે કુલ **Rs. 4,24,17,727=87(Excluding GST)** નું અને (આ કામ ઉપર **GST** અંદાજીત ૧૮% માનવામાં આવે તો કુલ **Rs. 76,35,191=01)** મળી કુલ **Rs. 5,00,52,918=88 (Including GST)** નું **R. P. Kakadia, Surat** નું ટેન્ડર મંજૂર કરવામાં આવે છે.

ભલામણ ક્રમાંક – ૦૫ : **એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૨ થી કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરી** વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસર ખાતે **PM-USHA** યોજના હેઠળ મળેલ ગ્રાન્ટમાંથી **Renovation & Upgradation of Swimming Pool Building** કામના મળેલ ઓનલાઈન ઈ– ટેન્ડરોની ઓનલાઈન પ્રાઈઝબીડ કમિટિ સમક્ષ ખોલવામાં આવી હતી, જેમાં આ પ્રોજેકટ માટેના એલીજીબલ થયેલ ૦૨ કોન્ટ્રાકટરોના ઇ–ટેન્ડરો પૈકી સૌથી ઓછી રકમનું એટલે કે ટેન્ડરની અંદાજીત રકમ **Rs. 1,86,44,068.04 (Excluding GST)** ઉપર ૧૬.૩૩% નીચા ભાવનું એટલે કે કુલ **Rs. 1,55,99, 491.73 (Excluding GST)** નું અને (આ કામ ઉપર **GST** અંદાજીત ૧૮% માનવામાં આવે તો કુલ **Rs.28,07,908.52)** મળી કુલ **Rs. 1,84,07,400.24 (Including GST)** નું **Krisha Construction, Surat** નું ટેન્ડર મંજૂર કરવામાં આવે છે.

ભલામણ ક્રમાંક – ૦૬ : **એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૨ થી કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરી** વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસર ખાતે **PM-USHA** યોજના હેઠળ મળેલ ગ્રાન્ટમાંથી **Horizontal Extension of Humanities Department** કામના મળેલ ઓનલાઈન ઈ–ટેન્ડરોની ઓનલાઈન પ્રાઈઝબીડ કમિટિ સમક્ષ ખોલવામાં આવી હતી, જેમાં આ પ્રોજેકટ માટેના એલીજીબલ થયેલ ૦૩ કોન્ટ્રાકટરોના ઇ–ટેન્ડરો પૈકી સૌથી ઓછી રકમનું એટલે કે ટેન્ડરની અંદાજીત રકમ **Rs. 2,28,81,358.14 (Excluding GST)** ઉપર ૯.૦૯% નીચા ભાવનું એટલે કે કુલ **Rs. 2,08,01,442.69 (Excluding GST)** નું અને (આ કામ ઉપર **GST** અંદાજીત ૧૮% માનવામાં આવે તો કુલ **Rs. 37,44,259.68)** મળી કુલ **Rs. 2,45,45,702.37 (Including GST)** નું **Paras Bakulbhai Savani, Surat** નું ટેન્ડર મંજૂર કરવામાં આવે છે.

૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે એકઝીબીશન ગ્રાઉન્ડ ભાડેથી આપવા અંગે અને યુનિવર્સિટી મુખ્ય રોડની દિવાલ પર જાહેરાત આપી શકાય તેવા બોર્ડ/હોર્ડિંગ્સ લગાડવા અંગેની કમિટીની તા.૦૩-૦૪-૨૦૨૫ ના રોજની સભાની કાર્યવાહી સંદર્ભે એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૮ થી મંજૂર કરવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

## એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાનો ઠરાવ ક્રમાંકઃ ૮

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે એકઝીબીશન ગ્રાઉન્ડ ભાડેથી આપવા અંગે અને યુનિવર્સિટી મુખ્ય રોડની દિવાલ પર જાહેરાત આપી શકાય તેવા બોર્ડ/હોર્ડિંગ્સ લગાડવા અંગેની કમિટીની તા.૦૩-૦૪-૨૦૨૫ ના રોજની સભાની કાર્યવાહી ઉપર તથા આ કાર્યવાહીમાં દર્શાવેલ નિતિ-નિયમો, ભાડું વગેરે**ના ગુજરાતીમાં આપેલી ભલામણનો સુધારા વધારા સાથે સ્વીકાર કરી આગળની કાર્યવાહી માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવે છે તથા અંગ્રેજી મુસદ્દાને રદ ગણવો. (પરિશિષ્ટ : ' ૧ ')**

(બાંધકામ વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે એકઝીબીશન ગ્રાઉન્ડ ભાડેથી આપવા અંગે અને યુનિવર્સિટી મુખ્ય રોડની દિવાલ પર જાહેરાત આપી શકાય તેવા બોર્ડ/હોર્ડિંગ્સ લગાડવા અંગેની કમિટીની તા.૦૩-૦૪-૨૦૨૫ના રોજની સભાની કાર્યવાહી **સંદર્ભે એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૮ થી મંજૂર કરવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણનો એલ.સી.જોશી એડવોકેટ એસોસિએટસનો અભિપ્રાય ધ્યાને લઈ સુધારા – વધારા સાથે પરિશિષ્ટઃ ' ૦૧ ' અનુસાર મંજૂર કરવામાં આવે છે.**

**(પરિશિષ્ટઃ ' ૦૧ ')**

૭. યુનિવર્સિટીના સ્વનિર્ભર અભ્યાસક્રમના કાયમી શૈક્ષણિક કર્મચારીઓને ચૂકવવા પાત્ર ગ્રેજયુઈટીની રકમની નિયમાનુસાર ગણતરી કરવા અંગેની સમિતિની તા.૧૯/૦૨/૨૦૨૫ની સભાની કાર્યવાહીને મંજૂર કરવા એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪ –૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૯ થી બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાનો ઠરાવ ક્રમાંકઃ ૯</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટીના સ્વનિર્ભર અભ્યાસક્રમના કાયમી શૈક્ષણિક કર્મચારીઓને ચૂકવવા પાત્ર ગ્રેજયુઈટીની રકમની નિયમાનુસાર ગણતરી કરવા અંગેની સમિતિની તા.૧૯/૦૨/૨૦૨૫ની સભાની કાર્યવાહીનો **યથાવત સ્વીકાર કરી મંજૂર કરવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવે છે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદર ગ્રેજયુઈટીની ચુકવણી જે તે વિભાગના / જે તે પ્રોગ્રામના સ્વનિર્ભર ફંડ/ હાયર ફી ફંડમાંથી કરવાની રહેશે અને જો વિભાગ પાસે નાણાં ન હોય તો ખૂટતા નાણાંની ચુકવણી યુનિવર્સિટીના સી. ડી. એફ. માંથી કરવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવે છે.**

(લીગલ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટીના સ્વનિર્ભર અભ્યાસક્રમના કાયમી શૈક્ષણિક કર્મચારીઓને ચૂકવવા પાત્ર ગ્રેજયુઈટીની રકમની નિયમાનુસાર ગણતરી કરવા અંગેની સમિતિની તા.૧૯/૦૨/૨૦૨૫**ની સભાની** કાર્યવાહીને **મંજૂર કરવા એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૯ થી બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે.**

૮. યુનિવર્સિટી ખાતે કાર્યરત વિવિધ અનુસ્નાતક વિભાગોમાં ખાલી શૈક્ષણિક જગ્યા Temporary Assistant Professor તરીકેની આગામી શૈક્ષણિક વર્ષ 2025-26 માટે ભરવા અંગે જાહેરાત ક્રમાંક: GAD/TAP/E.N./3028/2025, dt. 05/02/2025 (GIA) તથા જાહેરાત ક્રમાંક: જન/એસ્ટા/ટે.આ.પ્રો.-ટે.ટી.આ./૩૦૨૯/૨૦૨૫ (SFP) ની જાહેરાત અન્વયે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસે તા.15/03/2025 સુધી ઓનલાઈન અરજી મંગાવવામાં આવેલ હતી જેના અનુસંધાને આદેશાનુસાર એલીજીબલ ઉમેદવારો માટે પસંદગી સમિતિની સભાનું આયોજન તા.26/03/2024 થી કરવામાં આવેલ છે જે અન્વયે હાલમાં (1) Department of Information and Communication Technology (SFP) (ICT) (2) Department of Computer Science (GIA/SFP) (3) Department of Business and Industrial Management (GIA/SFP)

(4) Department of Aquatic Biology (GIA/HP) (5) Department of Human Resource Development (GIA/SFP) (6) Department of Commerce વિભાગની પસંદગી સમિતિની સભાની કાર્યવાહી**નો સ્વીકાર કરી યુનિવર્સિટીના નિયમાનુસાર નિમણુંક આપવા માટે એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંક: ૧૦ થી બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**
**(નોંધ : પસંદગી સમિતિની કાર્યવાહી સભા સમયે રજૂ કરવામાં આવશે.)**

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટી ખાતે કાર્યરત વિવિધ અનુસ્નાતક વિભાગોમાં ખાલી શૈક્ષણિક જગ્યા Temporary Assistant Professor તરીકેની આગામી શૈક્ષણિક વર્ષ 2025-26 માટે ભરવા અંગે (1) Department of Information and Communication Technology (SFP) (ICT) (2) Department of Computer Science (GIA/SFP) (3) Department of Business and Industrial Management (GIA/SFP) (4) Department of Aquatic Biology (GIA/HP) (5) Department of Human Resource Development (GIA/SFP) (6) Department of Commerce વિભાગની પસંદગી સમિતિની સભાની કાર્યવાહી**નો સ્વીકાર કરી યુનિવર્સિટીના નિયમાનુસાર નિમણુંક આપવા માટે એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંક: ૧૦ થી બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે તેમજ પસંદગી પામેલ ઉમેદવારોને વિભાગની જરૂરીયાત અનુસાર કે શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫–૨૬ના પ્રથમ દિવસથી હાજર થાય તે રીતે નિમણુંક પત્રો પાઠવવા.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, અનુદાનિત વિભાગોની મંજૂર થયેલી જગ્યાઓની સામે ભરવામાં આવેલ જગ્યાઓનો પગાર સેન્ટ્રલ ડેવલોપમેન્ટ ફંડમાંથી આકારવો.**

**વધુમાં, અર્થશાસ્ત્ર વિભાગ, એકવેટીક બાયોલોજી વિભાગ, અંગ્રેજી વિભાગ, પબ્લિક એડ્મિનિસ્ટ્રેશન વિભાગ, ગુજરાતી વિભાગમાં થયેલી નિમણુંક માટે તેઓનો પગાર પોતાનું સ્વનિર્ભર ફંડ ન હોવાથી સેન્ટ્રલ ડેવલોપમેન્ટ ફંડમાંથી આકારવો.**

૯. **વિશ્વવિદ્યાલય ખાતે વહીવટી કર્મચારીઓની સેવા મેન પાવર આઉટસોર્સિંગથી (રાજય સરકારશ્રીના ધારા ધોરણ અનુસાર લઘુત્તમ દરે) લેવા અંગે GeM પોર્ટલ પર BID No.GEM/2025/B/ 6052833, dt.12-03-2025 અન્વયે નિયત સમય મર્યાદામાં GeM પોર્ટલ પર કુલ ૨૪૯ પાર્ટીઓએ ઓનલાઈન ભાગ લીધેલ હતો. જે ટેન્ડરની શરતોનુસાર કાર્યાલયને મળેલ ૮(આઠ) પાર્ટીઓના ટેન્ડરના દસ્તાવેજોની ટેકનીકલ સ્કૂટીની સમિતિની સભા તા.૦૨/૦૪/ ૨૦૨૫ અને તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ મળેલ હતી. જે સમિતિના અહેવાલ મુજબ કુલ ૬(છ) પાર્ટીઓ Eligible થયેલ છે. જે ૬(છ) Eligible પાર્ટીઓની એકિઝકયુટીવ કાઉન્સિલ સમક્ષ GeM પોર્ટલ પર ઓનલાઈન પ્રાઈઝ બીડ ઓપન કરતા GeM ના નિયમાનુસાર GeM selected L1 પાર્ટી Komal Enterprise, Mehsana ના મળેલ ભાવ રૂા.૩,૬૪,૭૨,૫૦૦.૭૨/– ગ્રાહ્ય રાખી ટેન્ડરની શરતોનુસાર વર્કઓર્ડર આપવા એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાનો ઠરાવ ક્રમાંકઃ ૧૧ થી બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

**(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ (પરચેઝ સેલ) વિભાગ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિશ્વવિદ્યાલય ખાતે વહીવટી કર્મચારીઓની સેવા મેન પાવર આઉટસોર્સિંગથી (રાજય સરકારશ્રીના ધારા ધોરણ અનુસાર લઘુત્તમ દરે) લેવા અંગે GeM પોર્ટલ પર BID No.GEM/2025/B/ 6052833, dt.12-03-2025 અન્વયે નિયત સમય મર્યાદામાં GeM પોર્ટલ પર કુલ ૨૪૯ પાર્ટીઓએ ઓનલાઈન ભાગ લીધેલ હતો. જે ટેન્ડરની શરતોનુસાર કાર્યાલયને મળેલ ૮(આઠ) પાર્ટીઓના ટેન્ડરના દસ્તાવેજોની ટેકનીકલ સ્કૂટીની સમિતિની સભા તા.૦૨/૦૪/ ૨૦૨૫ અને તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ મળેલ હતી. જે સમિતિના અહેવાલ મુજબ કુલ ૬(છ) પાર્ટીઓ Eligible થયેલ છે. જે ૬(છ) Eligible પાર્ટીઓની એકિઝકયુટીવ કાઉન્સિલ સમક્ષ GeM પોર્ટલ પર ઓનલાઈન પ્રાઈઝ બીડ ઓપન કરતા GeM ના નિયમાનુસાર GeM selected L1 પાર્ટી Komal Enterprise, Mehsana ના મળેલ ભાવ રૂા.૩,૬૪,૭૨,૫૦૦.૭૨/– ગ્રાહ્ય રાખી ટેન્ડરની શરતોનુસાર વર્કઓર્ડર આપવા એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાનો ઠરાવ ક્રમાંકઃ ૧૧ થી **બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે.**

૧૦. શિક્ષણ વિભાગનો તા:૦૪–૦૩–૨૦૨૪ નો ઠરાવ ક્રમાંકઃ ED/MIS/e-file/3/2023/4479/KH-2 શિક્ષણ વિભાગના ઠરાવથી સનેઃ ૨૦૨૪–૨૫ ના નાણાંકીય વર્ષમાં (મહેસુલ) આયોજન સદર હેઠળ ચાલુ બાબત તરીકે EDN-30 માં ૧૪–સરકારી યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી ફેસિલિટેશન સેન્ટર શરૂ કરવાની યોજના માટે રૂ.૧૨૬.૦૦ લાખની ખર્ચ વહીવટી મંજુરી આપવા અથવા રૂ.૬,૦૦,૦૦૦/– ની ગ્રાન્ટ પૈકી થયેલ અનુદાનની ચુકવણી પેટે એપ્રિલ થી સપ્ટેમ્બર માસની રૂ.૪.૫ લાખની ગ્રાન્ટ ફાળવણીના હુકમ કરવામાં આવેલ છે. ઊચ્ચ શિક્ષણ કમિશનરશ્રી કચેરીના આયોજન શાખાના આદેશ No.AHC-1/2024 2025/202425, તા:20-12-2024 ના આદેશ અન્વયે ગ્રાન્ટની રાજ્યની સરકારી ૧૪–યુનિવર્સિટીઓ માટે ફાળવણી કરેલ રૂ.૬૩.૦૦ લાખ મુજબ યુનિવર્સિટી દીઠ ૯.૦૦ લાખ લેખે માહે ઓકટોબર થી માર્ચ માટે રૂ. ૪.૫૦ લાખની ફાળવણી સરકારી યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી ફેસિલિટેશન સેન્ટર શરૂ કરવા માર્ટે ચાલુ નાણાકીય વર્ષ માટેના મંજુર થયેલ અનુદાનની ચુકવણી પેટે નીચે મુજબની ગ્રાન્ટ ફાળવણીના હુકમ કરવામાં આવેલ છે. નીચે મુજબની શરતો સાથે ફાળવણી કરેલ છે.

નાણાકીય વર્ષ 2024-25ના માર્ચ માસની 25 તારીખ હોય મંજૂરી મુજબ રિસર્ચ આસિસ્ટન્ટ અને સ્ટેટસટીક એનાલિસ્ટની નિમણૂક કરવામાં આવેલ ન હોય તે ધ્યાને લઈ ફાળવણી કરેલ ગ્રાન્ટ બાબતે **એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાનો ઠરાવ ક્રમાંકઃ ૧૫ થી રાજય સરકારશ્રીની ગ્રાન્ટની તમામ શરતોને આધિન રૂપિયા ૪.૫૦ લાખની મર્યાદામાં સી. ડી. એફ. માંથી ખર્ચ કરવો અને સરકારશ્રીનું અનુદાન મળ્યેથી સદર ખર્ચ સરભર કરવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

શરતો:

1.આ મંજુર થયેલ જગ્યાઓ અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

2. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

3.આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિઓ અનુસાર નિયમોનુસારની કાર્યવાહી કરીને જ કરવાનું રહેશે.

4.આ મંજુર કરેલ તમામ રકમના ખર્ચ કરવા અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

5.આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ,માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

6.યોજના હેઠળ નિયત કરેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

7.આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

8.આઇ.ટી સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

9.આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૦૪/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચે માં-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનુ તથા સરકાર દ્વારા થતી ખરીદી ગવર્મેન્ટ ઇ-માર્કેટ પ્લેસ (જી.ઈ.એમ) પોર્ટલ મારફતે કરવા તથા ઉકત ઠરાવમાં નિયત થયેલ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

10.રાજ્ય સરકારની પૂર્વમંજુરી વિના કોઇપણ પ્રકારનું (કરાર આધારીત/આઉટ સોર્સિંગ કે નિયમિત) મહેકમ ઉભું કરી શકાશે નહી.

11.રાજ્ય સરકારના વંચાણે લીધેલા હરાવ મુજબ જે શરતોએ મંજુરી આપવામાં આવેલ હોય તેમાં કોઈપણ સંજોગોમાં રાજ્ય સરકારની પૂર્વમંજુરી વિના ફેરફાર કરી શકાશે નહી અન્યથા તે અંગેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે.

12. શિક્ષણ વિભાગના દ્વારા સદર બાબતમાં મંજુર થયેલ જગ્યાઓ ૧) રીસર્ચ એડવાઈઝર/ફેસીલીટેટર ૨) સ્ટેટીસ્ટીકલ એનાલીસ્ટ ની જગ્યાઓ તદન હંગામી ધોરણે ૧૧-માસના કરાર આધારીત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે યુનિવર્સિટી કક્ષાએથી ભરવાની રહેશે.

13.ઉપરોક્ત ફાળવેલ ગ્રાન્ટની બચત રહેતી રકમ તા.૩૧/03/૨૦૨૫ સુધીમાં અવશ્ય સરન્ડર કરાવવાની રહેશે. જો સરન્ડર કરાવવામાં નહિ આવે તો એ.જી. ઓડિટ અન્વયે થનાર તમામ અનિયમિતતા અંગેની જવાબદારી આપની અંગત રહેશે

14.આ સિવાય આ અંગે શિક્ષણ વિભાગના સંદર્ભ-૧ના ઠરાવની જણાવેલ તમામ શરતોનું

ચુસ્તપણે પાલના કરવાનું રહેશે.

15.નાણાં વિભાગા દ્વારા જે શરતોએ મંજુરી આપવામાં આવેલ હોય તેમાં કોઈપણ સંજોગોમાં નાણાં વિભાગની પૂર્વ મંજુરી વિના ફેરફાર કરી શકાશે નહિ અન્યથા આ અંગેની જવાબદારી કુલપતિશ્રી/રજીસ્ટ્રારશ્રી ની રહેશે.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાનો ઠરાવ ક્રમાંકઃ ૧૫ થી કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે.**

૧૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી રમતમાં સ્વીમીંગ(ભાઈઓ/બહેનો), વેઈટ લિફટીંગ, જુડો(બહેનો)ની ટીમ ખેલો ઈન્ડિયા આંતર યુનિવર્સિટી માટે ક્વોલીફાઈડ થયેલ હતી. સદર રમત માટે ટીમ ખેલો ઈન્ડિયા આંતર યુનિવર્સિટીની સ્પર્ધા માટે તા. ૨૩મી જૂન થી જે. બી. નગર, નોયડા (દિલ્હી) અને બી.બી.ડી. યુનિવર્સિટી, લખનઉ મુકામે ગયેલ હતી. જેમાં રૂા.૧,૦૦,૦૦૦/– (રૂા. એક લાખ પુરા)ની પેશગી લીધેલ હતી. સદર ટીમો રમીને આવ્યા બાદ એક મહિનામાં મેનેજર દ્વારા હિસાબ જમા કરાવવામાં આવેલ હતો. જે સમયે વિભાગનાં ઓ.એસ.ડી. તરીકેની જવાબદારી પ્રકાશચંદ્ર પટેલને આપેલ હતી. જેથી હિસાબની ચકાસણી કરી હિસાબ પર સહી કરવા માટે આપેલ હતો. જે હિસાબ સહી કરી પરત કરેલ ન હતો. જેથી હિસાબી વિભાગમાં હિસાબ જમા કરાવવાનો હોવાથી જે એજન્ટ પાસે ટિકિટ કરાવેલ હતી તેનાં વાઉચર પર મુસાફરીની જવા અને આવાવની માહિતી અને રકમ દર્શાવી નવા વાઉચર રજુ કરેલ છે. જેનો સ્વીકાર કરી સદર હિસાબની પેશગી સરભર કરવા **સંદર્ભે એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૬ થી ખાસ કિસ્સા તરીકે ગ્રાહ્ય રાખવા તથા આવી બાબતનું પુનરાવર્તન ન થાય તેની વિભાગને તાકીદ કરવાની બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

(યુ. ક. અને શા. શિ. વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૬ થી કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે.**

૧૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા તા. ૨૪/૦૫/૨૦૨૫ થી ૧૩/૦૬/ ૨૦૨૫ દરમિયાન " ઉનાળાની રજાઓમાં ૨૧ દિવસનાં સમર ફીટનેશ કોચીગ કેમ્પનું" આયોજન કરવામાં આવનાર છે. યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગનાં સને ૨૦૨૫-૨૦૨૬ નાં વર્ષનાં વિભાગનાં બજેટમાં ૨૧ દિવસનાં સમર ફીટનેશ કોચીગ કેમ્પ માટે કુલ રૂા. ૧૫,૦૦,૦૦૦/-(રૂા. પંદર લાખ પુરા) ની રકમ ફાળવેલ છે. જે અંગેનુ વિભાગનું બજેટ અને સબ બજેટ **મંજૂર કરવા એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૭ થી બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.**

(યુ. ક. અને શા. શિ. વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકિઝકયુટીવ કાઉન્સિલ તા.૦૮–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૭ થી કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે.**

**વધુમાં, આ પ્રકારનું સબબજેટ રાખવું અને તદ્અનુસાર અંદાજપત્રીય જોગવાઈ પણ હવેથી ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ વિભાગે આમેજ કરવી.**

૧૩. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન નવા જોડાણની અરજી સંદર્ભમાં સ્ટેટયુટ ૨૭૫ ની જોગવાઈ મુજબ બોર્ડ ઓફ ડીનસ્‌ની સભામાં સ્કુટીની માટે રજૂ કરતાં, બોર્ડ ઓફ ડીનસ્‌ની સમિતિની સભા તા.૨૬–૧૧–૨૦૨૪ ના રોજ મળેલ સભાએ કરેલ ભલામણને બોર્ડ ઓફ મેનેજમેન્ટની મંજૂરી સાથે નવું જોડાણ મેળવવા માટે રાજય સરકારને ભલામણ કરવાની હોઈ, જે પર વિચારણા કરી <u>બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૦–૧૨–૨૦૨૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫.૬)</u> અન્વયે, " બોર્ડ ઓફ ડીનસ્‌ની સમિતિની સભા તા.૨૬–૧૧–૨૦૨૪ ના રોજ મળેલ સભાએ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના નવા જોડાણની અરજી સંદર્ભમાં નવા જોડાણ અંગેની આગળની ઘટતી કાર્યવાહી કરવી તથા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના નવા જોડાણની અરજી સંદર્ભમાં ક્રમાંકઃ ૨, ૪, ૭ થી ૨૫ થી કરેલ ભલામણનો યથાવત સ્વીકાર કરી ભલામણ અનુસારની પૂર્તતા થયેથી બાબત પુનઃ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સમક્ષ રજૂ કરવી. " એમ ઠરાવેલ હોઈ, સદર બાબતે બોર્ડ ઓફ ડીન્સ્‌ની ભલામણ મુજબ કોલેજો પાસેથી આધાર સહિત માહિતી મંગાવતા કોલેજ દ્વારા મોકલેલ માહિતી કાર્યાલયની તા.૧૧–૩–૨૦૨૫ની ઈ–ફાઈલ નંબર ૬૦૬૯ પર આવેલ આદેશાનુસાર ડીનશ્રી, આર્કીટેકચર વિદ્યાશાખા પાસે ચકાસણી કરાવતાં તેમને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.
(નોંધ : અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.)

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે બોર્ડ ઓફ ડીન્સની ભલામણ મુજબ ડીનશ્રી, આર્કીટેકચર વિદ્યાશાખા પાસે ચકાસણી કરાવતાં તેમણે જે સંસ્થા માટે આગળની કાર્યવાહી કરવાની ભલામણ કરેલ છે તે સંસ્થા માટે સ્થાનિક તપાસ સમિતિની રચના કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે તથા બાકીના કિસ્સામાં જરૂરી પૂર્તતા કરવા સંસ્થાને જાણ કરવી.**

૧૪. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ માટે **નમો મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ, સિલવાસા** કોલેજના ડીનશ્રીએ તા.૦૫–૧૨–૨૦૨૪ના પત્ર ક્રમાંક : DHMS/Namo Meri/App-aff/2024/1554 to 1557 થી નીચે દર્શાવેલ પીજી મેડીકલ અભ્યાસક્રમોની નિયત સમય બાદ મળેલ નવા જોડાણની અરજી સંદર્ભમાં ઓર્ડિનન્સ–૬૬ ની જોગવાઈ મુજબની લેઈટ ફી જમા કરાવવાની શરતે માન.કુલપતિશ્રી દ્વારા વિભાગની તા.૧૨–૧૨–૨૦૨૪ની નોંધ ક્રમાંક : ૦૨૬૬૩૦ અન્વયે સ્વીકારેલ છે. લેઈટ ફી જમા કરાવવાની જાણ કોલેજને કરતા, કોલેજના ડીનશ્રીએ તા.૨૫–૦૨–૨૦૨૫ના પત્ર થી **NMC** માં લેઈટ અરજી સબમીટ કરતા, યુનિવર્સિટીમાં નવા જોડાણની અરજી કરવામાં વિલંબ થયાની સ્પષ્ટતા સાથે લેઈટ ફી માફ કરવા કરેલ વિનંતી જોડાણ વિભાગની તા.૨૭–૦૨–૨૦૨૫ની નોંધ અન્વયે માન.કુલપતિશ્રી દ્વારા સ્વીકાર કરી મંજુરી આપેલ છે. જેની બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૨–૦૩–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાંક (૫.૭) અન્વયે નોંધ લેવામાં આવેલ છે. કોલેજ દ્વારા સ્ટેટયુટ–૬૯ ની જોગવાઈ મુજબના જમા કરાવેલ આધારો સાથેની નવા જોડાણની અરજી સંદર્ભમાં **Statute 275 (4) (B)-(c)** મુજબ બોર્ડ ઓફ ડીન્સની ભલામણ માટે બોર્ડ ઓફ ડિન્સ્‌ની સભામાં રજુ કરતા, બોર્ડ ઓફ ડિન્સ્‌ની તા.૦૫–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાક (૨૦) અન્વયે ભલામણ સ્વીકારી મંજૂર કરવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત......

| **ક્રમ** | **વિષય** | **જોડાણનો પ્રકાર (શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬)** |
|---|---|---|
| **(૧)** | **(૨)** | **(૩)** |
| 1. | MD-Dermatology and Venereology | New |
| 2. | MD-General Medicine | New |
| 3. | MD-Radio Diagnosis | New |
| 4. | MD-Pediatrics | New |

**બોર્ડ ઓફ ડીન્સ્‌ની તા.૦૫–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાક (૨૦)**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવે છે.**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ ડિન્સ્‌ની તા.૦૫–૦૪–૨૦૨૫ની સભાના ઠરાવ ક્રમાક (૨૦) થી કરેલ ભલામણનો સ્વીકાર કરી સ્થાનિક તપાસ સમિતિની રચના કરવી અને સ્થાનિક તપાસ સમિતિની રચના કરવા માટેની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૧૫. શૈક્ષણિક વર્ષ:૨૦૨૪–૨૦૨૫ દરમ્યાન **સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ,(સ્મીમેર)સુરતની M.Sc.-(Radiography and Medical Imaging Technology)** સ્વનિર્ભર અભ્યાસક્રમનું **નવું જોડાણ** બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૨/૧૪–૦૩–૨૦૨૪ ની સભાનો ઠરાવ ક્રમાંક (૫.૭૩) અન્વયે સ્થાનિક તપાસ સમિતિની નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે મંજુરી આપેલ હોય, જે શરતનું પરિપાલન કર્યાનો કોલેજના ડીનશ્રીએ (૧) તા.૨૨–૧૧–૨૦૨૪ના પત્રક્રમાંક : સ્મીમેર/૩૬૨૨ અને (૨) તા.૨૮–૧૧–૨૦૨૪ના પત્ર ક્રમાંક : સ્મીમેર/૩૭૧૪ થી રજૂ કરેલ અહેવાલની એકેડેમિક કાઉન્સિલની તા.૨૪–૧૨–૨૦૨૪ની સભાના ઠરાવ ક્રમાંક (૦૯) અન્વયે નોંધ લેવા સાથે **M.Sc.-(Radiography and Medical Imaging Technology)** સ્વનિર્ભર અભ્યાસક્રમનું નવું જોડાણ મંજુર કરવામાં આવેલ છે. જેની જાણ સારૂ...

**શરતો:**

| **ક્રમ** | **સિન્ડિકેટે મૂકેલ શરતની વિગત** | **પરિપાલન માટે લીધેલ પગલાંની વિગત** | **કાર્યાલય નોંધ** |
|---|---|---|---|
| ૧ | જે તે કોર્ષનો અભ્યાસક્રમ યુનિવર્સિટીની ગાઈડલાઈન પ્રમાણે બનાવવાનો રહેશે. | સદર કોર્ષ અભ્યાસક્રમ તા.૦૧/૧૦/૨૦૨૪ના રોજ માન.કુલપતિશ્રી દ્વારા મંજુર કરેલ છે. (નકલ સામેલ છે.) | **કોલેજની સ્પષ્ટતા મુજબ પરિપાલન થયેલ છે.** |
| ૨ | જે તે કોર્ષને લગતાં વિષયો માટે જરૂર જણાય તો વિઝીટીંગ ફેકલ્ટી તરીકે વિષય નિષ્ણાંતને એપોઈન્ટ કરવાના રહેશે. | સદર કોર્ષને લાગત રેડીયોડાયગ્નોસીસ વિભાગના પી.જી. ટીચર ઉપલબ્ધ છે. (લીસ્ટ સામેલ છે.) | **કોલેજની સ્પષ્ટતા મુજબ પરિપાલન થયેલ છે.** |
| ૩ | જે તે કોર્ષની એડમીશનની પ્રક્રિયા યુનિ. તેમજ રાજય સરકારનાં ધારાધોરણ મુજબ કરવાની રહેશે. | સદર કોર્ષની એડમીશન પ્રક્રિયા યુનિ. તેમજ રાજય સરકારના ધારાધોરણ મુજબ કરવામાં આવે છે. | **કોલેજની સ્પષ્ટતા મુજબ પરિપાલન થયેલ છે.** |
| ૪ | વખતો વખત અમલમાં આવતાં યુનિવર્સિટીના ધારાધોરણનો ચુસ્તપણે પાલન કરવાના રહેશે. | સ્મીમેર મેડીકલ કોલેજ યુનિવર્સિટીના વખતો વખતના નિતીનિયમોને અનુસરે છે તેમજ તેનો અમલ પણ કરે છે. | **કોલેજની સ્પષ્ટતા મુજબ પરિપાલન થયેલ છે.** |
| ૫ | NMC/NEP ના વખતોવખત પ્રસિધ્ધ થતાં નિયમો / ગાઈડલાઈનનો અમલ કરવાનાં રહેશે. | સ્મીમેર મેડીકલ કોલેજ MCI/NMC ના ગાઈડ લાઈનને અનુસરે છે તેમજ તેનો અમલ પણ કરે છે. | **કોલેજની સ્પષ્ટતા મુજબ પરિપાલન થયેલ છે.** |

**(જોડાણ વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધ લેવામાં આવે છે.**

૧૬. યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાં **(1)** ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગરના ખાસ કિસ્સામાં દિવ્યાંગ કેટેગરીની ભરતી કરવા **(2) CAS** અંતર્ગત લાભ આપવા તથા **(3)** ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના તા. **10-6-2019** ના પરિપત્ર ક્રમાંક : **SPY/ 132012 /798 /ખ-2** અનુસાર શૈક્ષણિક જગ્યાઓ પ્રોફેસર **(18)** એસોસીએટ પ્રોફેસર **(28)** આસિસ્ટન્ટ પ્રોફેસર **(25)** જગ્યા મળી કુલ્લે **71** જગા ભરતીની તા. **13-3-2024** ના રોજની જાહેરાત સદર્ભમાં ઉમેવારોની મળેલ અરજી બાબતે પસંદગી સમિતિની રચના **Statute : 255(2)** ની નીચેની જોગવાઈ મુજબ **Statute:255 (2)(b)** મુજબ પસંદગી સમિતિનાં નામ મેળવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. તેની જાણ સાથે **Statute :255(2) (e), (f)** અને **(g)** ની નીચે મુજબની જોગવાઈ મુજબ પસંદગી સમિતિનાં નામ આપવા વિચારણા કરવા બાબત.

**Statute : 255 (2)**

**The selection committee for making recommendations for appointment of university teachers shall consist of the following members: -**

**(a) the Vice-Chancellor -Chairman;**
**(b) one person, not below the rank of professor, nominated by the State Government;**
**(c) the Dean of the Faculty concerned as a Member-Secretary;**
**(d) the Head of the university department or a head of the concerned School of multidisciplinary institution, nominated by the Vice-Chancellor;**
**(e) not less than three experts nominated by the Board of Management out of a panel of not less than six names of experts not connected with the university recommended by the Academic Council, who have special knowledge of the subject for which the teacher is to be selected**
**(f) one person not below the rank of Professor or Principal belonging to Scheduled Castes or Scheduled Tribes or De-Notified Tribes (Vimukta Jatis) or Nomadic Tribes or Other Backward Classes, nominated by the Board of Management;**
**(g) one principal who is a member of Board of Management to be nominated by the Board of Management:**
**Provided that, a head referred to in clause (d), who is an Associate Professor shall be a member of the selection committee for the selection to the Assistant Professor.**

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાં **(1)** ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગરના ખાસ કિસ્સામાં દિવ્યાંગ કેટેગરીની ભરતી કરવા **(2) CAS** અંતર્ગત લાભ આપવા તથા **(3)** ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના તા. **10-6-2019** ના પરિપત્ર ક્રમાંક : **SPY/ 132012 /798 /ખ-2** અનુસાર શૈક્ષણિક જગ્યાઓ પ્રોફેસર **(18)** એસોસીએટ પ્રોફેસર **(28)** આસિસ્ટન્ટ પ્રોફેસર **(25)** જગ્યા મળી કુલ્લે **71** જગા ભરતીની તા. **13-3-2024** ના રોજની જાહેરાત સદર્ભમાં ઉમેવારોની મળેલ અરજી બાબતે પસંદગી સમિતિની રચના **Statute : 255(2)** ની **ઉપરોક્ત** જોગવાઈ મુજબ **Statute: 255 (2)(b)** મુજબ પસંદગી સમિતિનાં નામ મેળવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે **તેની નોંધ લેવામાં આવે છે તથા Statute :255(2) (e), (f)** અને **(g)** ની **ઉપરોક્ત** મુજબની જોગવાઈ મુજબ પસંદગી સમિતિનાં **નામો નકકી કરવાની તથા આગળની કાર્યવાહી કરવાની સત્તા પણ માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૧૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે નવા અભ્યાસક્રમનું નવું જોડાણ મેળવવા માટે ટ્રસ્ટ/ સંસ્થા દ્વારા જે તે અભ્યાસક્રમ/પ્રોગામ શરૂ કરવા માટે એપેક્ષ બોડી (Indian Nursing Council/Gujarat Nursing Council, Bar Councial of India, National Medical Council ....ect) માં રજૂ કરવા માટે યુનિવર્સિટીના "નાં વાંધા પ્રમાણપત્ર " (No Objection Certificate) ની માંગણી કરવામાં આવે છે. અન્ય યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા માટે " નાં વાંધા પ્રમાણપત્ર " (No Objection Certificate) માટેની માંગણી સંદર્ભમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટના તા.૪–૦૩–૨૦૨૪ ના ઠરાવ ક્રમાંકઃ (૬૬) અન્વયે, રૂા.૨,૦૦,૦૦૦/– નિયત કરવામાં આવેલ છે. યુનિવર્સિટી કાર્યાલયની તા.૨૧–૦૮–૨૦૦૯ ની નોંધ પર આવેલ આદેશ મુજબ "નાં વાંધા પ્રમાણપત્ર" આપવા અંગે રૂા.૫૦,૦૦૦/– ફી લેવામાં આવતી હતી. જે યુનિવર્સિટી કાર્યાલયની તા.૨૯–૦૫–૨૦૧૩ ની નોંધ પર આવેલ આદેશ મુજબ કોઈ કાયદાકીય જોગવાઈ ન હોઈ, ફી લઈ શકાય નહી અને શરતી પ્રમાણપત્ર આપવું એમ આદેશ થયેલ હતા. સંસ્થા/કોલેજો દ્વારા એપેક્ષ બોડીમાં મંજૂરી મેળવવા સારું "No Objection Certificate" ની માંગણી કરવામાં આવતી હોઈ, જે અવલોકને લઈ જોડાણ અરજી કરતાં કોલેજોને જોડાણની કાર્યવાહી સાથે મંજૂરી મેળવવાની શરતે " No Objection Certificate " આપવા સારું ફી નિયત કરવા અંગે વિચારણા કરી બોર્ડ ઓફ ડીન્સની તા.૧૫–૦૧–૨૦૨૫ ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૭) અન્વયે, બોર્ડ ઓફ મેનેજમેન્ટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>બોર્ડ ઓફ ડિન્સ્ની તા.૧૫–૦૧–૨૦૨૫ની ભલામણ ક્રમાંકઃ (૭)</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિસ્તારમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે નવી કોલેજ અથવા નવો અભ્યાસક્રમ શરૂ કરવા માટે એપેક્ષ બોડીમાં અરજી કરવા માટે NOC/Cosent of Affiliation ની જરૂર હોય તો તે મેળવવા માટે રૂા.૨૫,૦૦૦/– ફી નકકી કરવા માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવે છે.**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ ડીન્સની તા.૧૫–૦૧–૨૦૨૫ ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૭) થી કરેલ ઉપરોકત ભલામણનો યથાવત સ્વીકાર કરી મંજૂર કરવામાં આવે છે.**

૧૮. ગુજરાત વિધાનસભા દ્વારા કરવામાં આવેલ ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ - 2023ને શિક્ષણ વિભાગ, ગુજરાત રાજયના તા.05-10-2023 ના જાહેરનામાં ક્રમાંક : **GH/SH/34/GCU/2023/470/KH-1**થી તા.**09-10-023** ના રોજથી લાગુ કરવામાં આવેલ છે. સદર એકટની કલમ **15(aa) to consider report of the development activities of the university received from the Registrar every six months** અંતગર્ત યુનિવર્સિટીનો **University Report of the Development Activities** દર છ મહિને તૈયાર કરવાનો થતો હોય જે અંગેનો (તા.**01-05 2024** થી તા.**31/10/2024** સુધીની માહિતીનો અહેવાલ) નિયુક્ત સમિતિ દ્વારા તૈયાર કરેલ [**University Development Activities Report]** પર બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં વિચારણા કરવા બાબત.

(બિડાણ**:** University **Development Activities Report)**

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સમિતિ દ્વારા તૈયાર કરેલ University Development Activities Report નો સ્વીકાર કરવો.**

**વધુમાં, એકટની કલમ 15 (aa), સ્ટેચ્યુટ 3(12)** અને **સ્ટેચ્યુટ 9(1)(n) અંર્તગત રજૂ કરેલ સદર અહેવાલની નોંધ લેવામાં આવે છે.**

**<u>અધ્યક્ષ સ્થાનેથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.</u>**

૧૯. **યુનિવર્સિટીના વિવિધ કાર્યક્રમોના અનુસંધાનમાં ભોજન અંગેના બીલોની ચુકવણી અંગે SOP તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત.**

**(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિવિધ કાર્યક્રમોના અનુસંધાનમાં ભોજન અંગેના બીલોની ચુકવણી અંગે SOP તૈયાર કરવા નીચે મુજબની સમિતિની નિયુકિત કરવી.**
**(૧) ડૉ.જયંતીભાઈ ચૌધરી**
**(૨) ડૉ. આઈ.બી. પટેલ**
**(૩) ડૉ.કશ્યપસિંહ ખરચીયા**

**Sd/-**
**કુલસચિવ**

ક્રમાંક: ઓથોરિટીઝ/BoM/કાર્યવાહી/૯૫૯૪/૨૦૨૫
તા. ૧૭–૦૪–૨૦૨૫

પ્રતિ,

**બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓ.**